# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-02-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## કેન્દ્રીય નાણામંત્રી-બજેટ:

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ગઇકાલે રજૂ કરેલા  અંદાજપત્રમાં ખાસ કરીને મધ્યમ અને પગારદાર વર્ગ, કૃષિ, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમો તથા એકંદર અર્થતંત્રનાં વિકાસ માટે અનેક જાહેરાતો કરવામાં આવી છે.

નવી કરપ્રણાલિ હેઠળ આવકવેરાનાં સ્લેબ પ્રમાણે 12 લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ વેરો નહીં લાગે. સુશ્રી સીતારમણે નવી કર પ્રણાલિ હેઠળ આવકવેરાનાં નવા સ્લેબ દાખલ કર્યા હતા, જે મુજબ ચાર લાખ રૂપિયાની આવક પર કોઇ ટેક્સ નહીં લાગે. અંદાજપત્રમાં કૃષિ ક્ષેત્ર માટે અનેક મહત્વની મહત્વની જાહેરાતો કરી છે. કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ઋણ માટેની મર્યાદા ત્રણ લાખ રૂપિયાથી વધારીને પાંચ લાખ રૂપિયા કરવામાં આવશે.

બજેટમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષનાં એકમો-MSME માટે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે.

બજેટમાં આરોગ્ય ક્ષેત્ર પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આગામી ત્રણ વર્ષમાં દેશનાં તમામ જિલ્લાઓમાં કેન્સર કેન્દ્રો અને કેન્સરની સારવાર માટે ડે-કેર કેન્દ્રો સ્થાપવામાં આવશે.

મહિલા સશક્તિકરણ માટે મહત્વની પહેલ કરતાં તેમણે જણાવ્યું કે, આગામી પાંચ વર્ષ માટે પ્રથમ વખતના ઉદ્યોગસાહસિક, અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓને 2 કરોડ રૂપિયા સુધીની ટર્મ લોન આપવામાં આવશે.

તેમણે જણાવ્યું કે તમામ સરકારી માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે. ભારતને વૈશ્વિક રમકડાં કેન્દ્ર બનાવવા માટે આગામી વર્ષમાં પગલાં લેવામાં આવશે.

નાણા મંત્રીએ ભારતીય ભાષા પુસ્તક સ્કીમ, AIમાં ઉત્કૃષ્ટતા કેન્દ્ર સ્થાપવાની જાહેરાત પણ કરી હતી.

---

## પ્રધાનમંત્રી-બજેટ પ્રતિક્રિયા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આ અંદાજપત્ર દરેક ભારતીયોના સપનાઓને પૂર્ણ કરે છે. આ બજેટથી બચત, રોકાણ, વપરાશ અને વિકાસને પ્રોત્સાહન મળશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે અંદાજપત્ર 140 કરોડ ભારતીયોની અપેક્ષાઓને પૂર્ણ કરવાની સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. શ્રી મોદીએ 12 લાખ રૂપિયા સુધીની આવક પર કરમુક્તિના નિર્ણયને મધ્યમવર્ગ માટે લાભદાયી ગણાવ્યો. કૃષિક્ષેત્ર માટે અંદાજપત્રમાં કરવામાં આવેલી જાહેરતોને પ્રધાનમંત્રીએ આવકારી હતી.

(બાઇટ : નરેન્દ્ર મોદી)

બજેટ પર પ્રતિક્રિયા આપતા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે તે ગોળીના ઘા પર પાટો બાંધવા સમાન છે. રાહુલ ગાંધીએ કહ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે આપણા આર્થિક સંકટને ઉકેલવા માટે એક આમૂલ પરિવર્તનની જરૂર છે.

---

## મુખ્યમંત્રી-બજેટ પ્રતિક્રિયા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય અંદાજપત્ર 2025-26ને વિકસિત ભારત 2047ના સંકલ્પને પાર પાડવામાં ચેતના આપનારું ગણાવી આવકાર્યું હતું. તેમણે કહ્યું, “રાજ્યની ભાગીદારીથી

દેશના ઓછી ઉત્પાદકતા ધરાવતા 100 જિલ્લામાં શરૂ થનારી પ્રધાનમંત્રી ધન-ધાન્ય યોજનાથી એક કરોડ 70 લાખ ખેડૂતોને મદદ મળશે અને ગ્રામીણ વિકાસને વેગ મળશે.

------------------------------------------------------------------------------------------

## કચ્છ-મોરબી સાંસદ –બજેટ પ્રતિક્રિયા:

કચ્છ-મોરબી મત વિસ્તારના સાંસદ વિનોદ ચાવડાએ બજેટ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આશા, વિકાસ અને તમામ ક્ષેત્રોને આવરી લેતું સમતોલ અને વિકાસલક્ષી બજેટ છે. જેમાં મહિલા સશક્તિકરણ, યુવા રોજગાર સાથે વિકાસ અને ફુગાવા પર નિયંત્રણ માટે પરિયોજનાઓ માટે પ્રાવધાન છે.

------------------------------------------------------------------------------------------

## વસંત પંચમી

વસંત ઋતુનાં વધામણા રૂપ વસંત પંચમીના પર્વની શ્રધ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે. આજનું પર્વ જ્ઞાન પંચમી તરીકે ઉજવાય છે જેમાં સરસ્વતી પૂજનનો અનેરો મહિમા છે. સ્વામિનારાયણ  સંપ્રદાય દ્વારા આજે શિક્ષા પત્રી જયંતિ તરીકે આ પર્વ ઉજવાય છે તો ગાયત્રી પરિવાર દ્વારા આચાર્ય રામ શર્માજીના આધ્યાત્મિક જન્મ દિન તરીકે તેની ઉજવણી થાય છે આજે આ પર્વ નિમિતે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તો જિલ્લામાં આજે વિવિધ સમાજ દ્વારા સમૂહલગ્નોનું આયોજન કરાયું છે.

------------------------------------------------------------------------------------------

## ભચાઉ-રાપર ઉમેદવારી પત્ર:

આગામી 16મી ફેબ્રુઆરીના યોજાનારી નગર પાલિકાની ચુંટણીને લઈને ગઈકાલે  ફોર્મ ભરવાનાં છેલ્લા દિવસે  રાપર અને ભચાઉમાં ઉમેદવારોની ભારે ભીડ જોવા મળી  હતી.  બન્ને નગરપાલિકા માટે ભાજપ કોંગ્રેસ ઉપરાંત આપ અને અપક્ષ ઉમેદવારોએ પણ ફોર્મ રજૂ કર્યા હતાં.  ભચાઉમાં કોંગ્રેસના 22 ફોર્મ, જયારે  ભારતીય જનતા પાર્ટીના 28 ફોર્મ ભરાયા હતા,

માંડવી તાલુકા પંચાયતની દરશડી બેઠક માટે 5 ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી છે. ભાજપ,કોંગ્રેસ,આમ આદમી પાર્ટી સહિત બે અપક્ષ ઉમેદવાર સહિત 5 ઉમેદવારી પત્ર ભરાયા છે.

---